Process Safety Beacon
http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx
ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

Sponsored by CCPS Supporters

# કંપનીની સુરક્ષીતતા

**સપ્ટેમ્બર – ૨૦૦૮**



સપ્ટેમ્બર-૨૦૦૧ના અમેરીકા ઉપરના ત્રાસવાદી હુમલાની વરસી ઉપર, આપણને ન્યુયોર્ક અને વોશીંગટનના હુમલા પહેલા અને પછી યાદ આવે છે કે આવા જ હુમલાઓ દુનિયાના બીજા ભાગોમાં પણ થયેલા છે, ઉદાહરણ તરીકે ટોકયો સબવે, લંડન-મેડ્રીક, બાલી-ઈન્ડોનેશીયા, અમદાવાદ-ભારત, રશીયામાં થયેલા ઘણાબધાં હુમલાઓ તથા મધ્યપૂર્વનાં ઘણાં દેશોમાં થયેલા હુમલાઓ) બહુ ઓછા દેશઓ જ એવા હશે કે જેમને આવા ત્રાસવાદી હુમલાઓની ઘટના અનુભવી નહી હોય. પ્રક્રિયા કારખાનામાં વપરાતાં રસાયણોના જોખમી ગુણધર્મોને કારણે બધા એ હોંશિયાર રહેવાની જરૂરી છે જેથી આપણો પ્લાન્ટ સુરક્ષીત રહે, આપણે પોતે, આપણી સાથે કામ કરતાં સહકર્મચારીઓ તથા આપણાં પાડોશીઓ ને રક્ષણ મળે.

જો તમે રસાયણ સંગ્રહ કરાતા કે પ્રોસેસીંગ કરાતા કારખાનામાં કામ કરતા હો, તો તમે તમારાં પ્લાન્ટમાં સીકયુરીટી વ્યવસ્થામાં રહેતી ત્રુટી જોઈ ને તેમા સુધારો સુચવવા માટે ખૂબલાયક વ્યકિત છો, જયારે પણ તમે કામ પર જાવ ત્યારે તમે સંભવીત સીકયુરીટી પ્રોબ્લેમ સામે જુઓ અને તે પરત્વે મેનેજમેન્ટનું ધ્યાન દોરો, જેથી તેને તેઓ ત્વરીત સુધારી  શકે.

## તમે શું કરી શકો ?

તમે દરરોજ પ્લાન્ટમાં કામ કરતાં હોવાથી, તમારી પાસે સંભવીત સીકયુરીટી પ્રોબ્લેમ્સ જોવા માટેની તક રહેલી છે. તેને જુઓ અને તેનો રીર્પોટ કરો. અહીં થોડા ઉદાહરણ આપવામાં આવ્યા છે. તમે અને તમારુ મેનેજમેન્ટ સરળતાથી આનાથી મોટી યાદી બનાવી શકશો.

- સીકયુરીટી લાઈટસ કામ કરતી નથી અથવા કામ કરે છે તો તે પુરતી નથી.
- પ્લાન્ટના દરવાજાના તાળા તૂટેલાં છે.
- દરવાજા ઢીલા થઈ ગયા હોય કે દરવાજા નીચે મોટી જગ્યા થઈ ગઈ હોય.
- ફેન્સીંગમાં કે તેની નીચે જગ્યા થઈ ગઈ હોય, ફેન્સીંગ તૂટી ગઇ હોય, ફેન્સીંગ ની ઊંચાઇ ખૂબ ઓછી હોય, ફેન્સીંગ નીચેની જમીન ધોવાઈ ગઇ હોય.
- ફેન્સીંગ બહાર, નજીક રહેલી વસ્તુ, ફેન્સીંગ ને ઓળંગવામાં મદદરૂપ હોય.
- ચેઈન્સ કે તાળા બરોબર લગાવેલા ન હોય.
- કારખાના બહારની તરફ આવેલા દરવાજાઓ કે બારીઓ ખુલ્લા રહી જતાં હોય કે સહેલાઈ થી ખુલી શકે તેમ હોય.
- બહારની તરફ આવેલા દરવાજાઓ બરોબર બંધ કરીએ તે પહેલાં ભટકાય જતાં હોય.

આ ઉપરાંત, તમારે તમારા કારખાનામાં રહેલી સીક્યુરીટી પધ્ધતિ જાણીને તેને અનુસરવી જાઈએ;

- તમારું ઓળખપત્ર હંમેશા પહેરીને રાખો અને જો તમે કોઈ વ્યકિતને બરોબર ઓળખપત્ર વગર જુઓ તો તરત જ સીકયુરીટી અધિકારી અથવા સુપરવાઈઝ ને તે વિશે જાણ કરો.
- કારખાનામાં દાખલ થવા માટેના કાર્ડ કે ઓળખપત્ર કોઈપણ વ્યકિતને આપશો નહી.



**ફેન્સીંગ નજીક ઉગી નીકળેલું ઘાસ અને ઝાડીઓ**




**ફેન્સીંગ નજીક પાર્ક કરેલી કાર ઘુસણખોરને ફેન્સીંગ ને પાર કરવા માટે મદદરૂપ બની શકે**



**ચેઇન લીન્ક ફેન્સીગ પર લગાવેલુ તાળુ – જે થાંભલા ની ફરતે ચેઇન લગાવીને તાળુ મારવા જેટલી મજબુતાઇ ધરાવતું નથી.**

**કારખાનાની સુરક્ષીતતાની જવાબદારી બધાની છે !**

AIChE © 2008. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 212-591-7319

The Beacon is usually available in Afrikaans, Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Persian, Polish, Portuguese, Russian, Spanish, Swedish, Tamil, Thai, Turkish, and Vietnamese.